**પેન્શનના લાભો**
મુળભુત નગરપાલિકાઓ બાથી રૂપાંતરીત ગ્રામ/ નગર પંચાયતના કર્મચારીઓને આપવા બાબત...

ગુજરાત સરકાર,
પંચાયત વિભાગ,
ઠરાવ ક્રમાંક: નપમ- ૧૦૮૩- ૧૩૩- ક. ૧.
સચિવાલય, ગાંધીનગર.
તા: ૧૭- ઓક્ટોબર. ૧૯૮૩.

### ૦: ઠરાવ :૦

નામદાર ગુજરાત હાઈકોર્ટ સ્પે.સી. એ. નં. ૩૦૯/૧૯૭૫ મા આપેલ ચુકાદો કે જેને નામદાર સુપ્રીમ કોર્ટ ( સર્વોચ્ચ અદાલતે ) સીવીલ એપ્લીકેશન નં. ૩૫૯ સને ) ૧૯૭૮ અને રીટી પીટીશન નં... ૪૨૬૬ – ૭૦ સને ૧૯૭૮ અન્વયે આવેલ ચુકાદાથી સમર્થન કરેલ છે. તેને અનુલક્ષીને ગ્રામ/ નગર પંચાયતોનાં રૂપાંતરીત થયેલ મુળભુત નગરપાલિકાઓના કર્મચારીઓને પેન્શન તથા ગ્રેજ્યુઈટી ના લાભો આપવા અંગેનો પ્રશ્ન સરકારશ્રીની વિચારણા હેઠળ હતો. હાલમા આમાની કેટલાક રૂપાંતરીત ગ્રામ / નગર પંચાયતોમાં કોન્ટ્રીબ્યુટરી પ્રોવિડંટ ફંડની યોજના અને કેટલીક રૂપાંતરીત પંચાયતોમાં પેન્શન યોજના અમલમાં છે. કોન્ટ્રીબ્યુટરી પ્રોવિડંટ ફંડનીયયોજના પણ એક પ્રકારની નિવૃત્તિ લાભ જ છે. તેમ છતા પણ તે યોજનાનો લાભ મેળવતો કર્મચારીઓ રાજ્ય સરકારની પેન્શન યોજનાનો લાભ લેવા ઈચ્છતા હોય તેમના માટે નીચે જણાવ્યા મુજબની કાર્યવાહી કરવાની રહે છે.

(૧) મુળભુત નગરપાલિકાના કર્મચારી જે તે રૂપાંતરીત પંચાયતમાં તા: ૧૧–૨–૬૯ ના રોજ નોકરીમાં હોય તેવા તથા તે તારીખ બાદ નિવૃત્ત થયેલ કે મૃત્યુ પામેલ પુર્ણકાલીન સમયના કર્મચારીઓને જ પેન્શનના લાભો મળી શકશે.

(૨) જિલ્લા અને તાલુકા પંચાયતના કર્મચારીઓ માટે પેન્શન અંગે પેન્શનપાત્ર પગાર તથા ક્વોલીફાઈંગ નોકરી જે રીતે ગણવામાં આવે છે. તેજ રીતે ગણવાની રહેશે.

(૩) જો કોઈ કર્મચારી નિયત સામાન્ય નિવૃત્તિવય બાદ નોકરીમાં ચાલુ હોય તો નિવૃત્તિવયની તારીખ પછીનો સમય પુન: નિમણુંક તરીકેનો ગણવાનો રહેશે.

(૪) જો કોઈ કર્મચારીનો કેસ તેની નિવૃત્તિ સમયે પ્રવર્તમાન પેન્શન નિયમો મુજબ નિયમિત કરવામાં આવ્યો હોય તેનો કેસ ફરીથી ખોલવાની જરૂર રહેતી નથી.

(૫)– જે કર્મચારીઓને કોન્ટ્રીબ્યુટરી પ્રોવીડંટ ફંડ યોજના નીચે આવરી લેવામાં આવેલ હોય તેઓને પેન્શન યોજનાના લાભલેવો કે કેમ માટે વિકલ્પ આપવાનો

રહેશે. વિકલ્પ આ હુકમો બહાર પાડવાની તારીખથી છ માસની અંદર તેમણે આપવાનો રહેશે. જે કર્મચારીઓ પેન્શન યોજનાનો વિકલ્પ આપશે તેમણે કોન્ટ્રીબ્યુટરી પ્રોવીડંટ ફંડમાંનો પંચાયતનો હિસ્સો તથા તે પરનું વ્યાજ કે જે તેમના ચાલુ ખાતા દરમ્યાન જમા થયેલ છે. તે પાછું જમા કરાવવાનું રહેશે. અને નિવૃત્ત કર્મચારીના કબજામાં જેટલા વર્ષો માટે તે રકમ રહેલ હશે તે રકમ ઉપર દરેક વર્ષ માટે માટે નિયત થયેલ વ્યાજની રકમ પણ ભરવાની રહેશે. એકવાર આપવામાં આવેલ વિકલ્પ આખરી ગણવામાં આવશે.

(૬) જે કર્મચારીઓ નક્કી કરવામાં આવેલ સમયમર્યાદામાં પોતાનો વિકલ્પ નહિ આપે, તેઓ નિવૃત્તિ અંગેના જે લાભો મેળવે છે. તેનાથી તેઓ સંતુષ્ટ છે તેમ માનવામાં આવશે અને તેમને પેન્શન અંગેના લાભો મળવાપાત્ર રહેશે નહિ.

(૭) ઉપર (૬) માં ઉલ્લેખ કરેલ કર્મચારીઓમાંથી હાલમાં પણ જે નોકરીમાં ચાલુ છે. તેઓ પણ ઉપર જણાવેલ છ માસની સમયમર્યાદામાં વિકલ્પ આપી શકશે. આવા કિસ્સાઓમાં તેમના ખાતામાં જમા થયેલ પંચાયતનો હિસ્સો તથા તે પરનું વ્યાજ સરકાર ખાતે જમા કરાવવાનું રહેશે. બાકી રહેતી રકમ તેમની સામાન્ય ભવિષ્યનિધિખાતામાં તબદીલ કરવાની રહેશે. ઉપર જણાવેલ છ માસનો સમય મર્યાદામાં જેઓ પોતાનો વિકલ્પ ન આપે તેઓ તેમને હાલમાં મળતા નિવૃત્ત લાભોથી સંતુષ્ટ છે તેમ માનવામાં આવશે. એટલે કે તેઓ પેન્શનના લાભો મેળવવા ઇચ્છતા નથી.

(૮) જો કોઇ કર્મચારી તા: ૧૩-૨-૬૯ પછી નોકરી દરમ્યાન મૃત્યુ પામે અથવા તા: ૧૩-૨-૬૯ પછી નિવૃત્તિ બાદ મૃત્યુ પામે તેવા કિસ્સામાં જુના નિવૃત્ત લાભો અને પેન્શન લાભો પૈકી જે વધુ ફાયદાકારક હશે તે તેના /તેણીના કુટુંબ સામે પરામર્શ તથા સમજુતી કરી તેના કુટુંબ માટે મુજબ થઈ શકશે.

(૯) કોન્ટ્રીબ્યુટરી પ્રોવીડંટ ફંડના તમામ કિસ્સામાં જે તે પંચાયતનો હિસ્સો તથા ઉપર ઉલ્લેખ કરેલ તે પરનું વ્યાજ પેન્શન અંગેના લાભો મેળવવા અંગેનો વિકલ્પ આપ્યાની તારીખથી ત્રણ ત્રણ માસની અંદર સરકાર ખાતે જમા કરાવવાનું રહેશે.

(૧૦) પેન્શનના લાભો નીચે આવરી લેવાયેલ તમામ કર્મચારીઓને સરકારી કર્મચારીઓના જિલ્લા અને તાલુકા પંચાયતના કર્મચારીઓને લાગુ પડતા સામાન્ય ભવિષ્યનિધિ નિયમો નીચે આવરી લેવાના રહેશે.

૧૧) સરકારી કર્મચારીઓને અને જિલ્લા અને તાલુકા પંચાયતના કર્મચારીઓને લાગુ પડતી સામાન્ય નિવૃત્તિ વય જ આ બધા કર્મચારીઓને લાગુ પડશે. સામાન્ય નિવૃત્તિ વય જ આ બધા કર્મચારીઓને લાગુ પડશે.

૧૨) ઉપર (૧) માં ઉલ્લેખ કરેલ કર્મચારીઓના કિસ્સામાં પેન્શન અંગેના કાગળો જે તે સંબંધિત રૂપાંતરીત પંચાયતે તૈયાર કરી સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મારફતે એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદને મોકલવાના રહેશે.

૨/- ધી ગુજરાત પંચાયત સર્વીસ ( પેન્શન ) નિયમો - ૧૯૭૬ તથા ધી ગુજરાત પંચાયત સર્વિસ ( સામાન્ય ભવિષ્યનિધિ) નિયમો - ૧૯૭૧ માં જરૂરી સુધારા અલગથી કરવામાં આવશે.

૩/- આ ઠરાવ આ વિભાગની ફાઈલ ક્રમાંક: નપમ/૧૦૮૩/૧૩૩૦/ ક. ૧ પરની નાણા વિભાગની તા: ૨/૧૦/૯૩ ની સંમતિ બાદ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
આર. એસ. આર્ય,
સેકશન અધિકારી,
પંચાયત વિભાગ.

પ્રતિ,
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત અમદાવાદ / રાજકોટ
- વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી,
- સરપંચશ્રી/ અધ્યક્ષશ્રી............... ગ્રામ/ નગર પંચાયત.
______________________ જિલ્લો.
સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ.
નાણાકીય સલાહકારશ્રી, પંચાયત વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે શાખાઓ, પંચાયત વિભાગ, સચિવાલય, ગાંધીનગર ( ક. ૧ શાખા સિવાય)